અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ભરતી પરીક્ષાઓની પૂર્વ તૈયારી માટે તાલીમ આપવાની યોજના બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-અજાક/૧૦૨૦૧૯/૧૮૮૭૦૩(૫૭૧)/ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૨૨/૧૧/૨૦૨૧

**વંચાણે લીધા:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૪/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૨૦૧૬/ન.બા-૨૫/ગ

(૨) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૪/૦૯/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૮/૨૦૨૧/૫૮૩૦

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના તા.૧૧/૦૪/૨૦૧૭ના ઠરાવથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ભરતી પરીક્ષાઓની પુર્વ તૈયારી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોચિંગ આપવા માટે કોચીંગ સેન્ટર શરૂ કરવા માટેની યોજના અમલમાં છે.વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૪/૦૯/૨૦૨૧ પત્રથી સદરહું યોજનામાં લાભાર્થીના પાત્રતાના ધોરણો નિયત કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના વંચાણે લીધેલ ક્રમાંક:(૧)ના તા.૧૧/૦૪/૨૦૧૭ના ઠરાવથી અમલિત યોજનામાં લાભાર્થીના નીચે મુજબના પાત્રતાના ધોરણો આથી ઠરાવવામાં આવે છે. સદરહું યોજનાઓ માટેની અન્ય શરતો યથાવત રહેશે.

૧. અરજદારશ્રીએ સ્નાતકની પરીક્ષા ૫૦% કે તેથી વધુ ગુણ સાથે પાંસ કરેલ હોવી જોઈએ.
૨. અરજદારશ્રીની વય તાલીમમાં જોડાતા સમયે પુરૂષ હોય તો મહત્તમ ૩૫ વર્ષ અને સ્ત્રી હોય તો મહત્તમ ૪૦ વર્ષ હોવી જોઈએ.
૩. અરજદારશ્રી અથવા અરજદારના માતા કે પિતા સરકારી નોકરી ધરાવતા ન હોવા જોઈએ.
૪. અરજદારશ્રીના કુટુંબની આવક મર્યાદાનું ધોરણ વાર્ષિક રૂ. ૬.૦૦ લાખ હોવું જોઈએ.
૫. અરજદારશ્રીને આ યોજનાનો લાભ ફક્ત એક જ વાર મળવાપાત્ર થશે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૦/૧૧/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિગ્વિજયસિંહ કુંપાવત )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.અ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી (અ.જા.ક.) મારફત)
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી (અ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ),સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- નાયબ સેક્શન અધિકારીશ્રી / શાખા પસંદગી ફાઇલ.